સૌથી ઉત્તમ સ્વર મૌનમાંથી ઉત્પન્ન થતો હોય છે
- કાકા કાલેલકર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૫૩ | ૫ માર્ચ, ૨૦૧૩, મંગળવાર; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર આસપાસ ત્રણ ગંભીર અકસ્માત

(તસવીર : દિપક જાની)

બસના બે વિવિધ અકસ્માતો ઉપરાંત એક ટ્રક પલ્ટી મારતા ૪૫ મુસાફરો ઘાયલ : ૧ નું મોત ● તપોવન સર્કલે ખિચોખીચ મુસાફરો ભરેલી એસ.ટી. બસને બેફામ આવતી ટ્રકે વચ્ચોવચ્ચ ટક્કર મારી : તારાપુર સર્કલે ડબલડેકર વિટકોસ બસના ડ્રાઈવરને ચાલુ બસે હાર્ટ એટેક આવતા બસ ઝાડ સાથે ટકરાઈ : ડ્રાઈવરનું ઘટનાસ્થળે મૃત્યુ : ઉવારસદ રોડ પર સાંજે ૪૦૭ ટ્રક પલ્ટી ખાતા ૧૦ ઘવાયા

ઈજાગ્રસ્ત મુસાફરો

- નેહલ એન. ભટ્ટ
- સુરેશ બી. ચાવડા
- તિર્થ જોષી
- સંજીવકુમાર કાળીદાસ
- કમલાદેવી જમનાદાસ શાહુ
- જમનાદાસ મેઘરાજ શાહુ
- અમરપાલ
- નારણભાઈ પ્રભુભાઈ
- રીતીક પરેશભાઈ પટેલ
- કૃતિબેન મુકેશભાઈ પટેલ
- દિપીબેન દશરથજી ઠાકોર
- સોનલબેન દિનેશભાઈ વૈશણવ
- મીનાબેન અશોકભાઈ વૈશણવ
- બળદેવ ભવાનભાઈ રાણા
- જાગાભાઈ સોનાભાઈ
- રમેશભાઈ મોતીલાલ સોની
- ઊર્મિલાબેન મોતીલાલ સોની
- વિરલ રમેશભાઈ સોની
- રીટાબેન ગીરીશભાઈ પંડ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની પાદરે આજે સવારના સુમારે મુસાફરોભરેલી બસના અકસ્માત થયાના બે અને સાંજે એક મળી ત્રણ ગંભીર બનાવો બનવા પામ્યા હતા. જેમાં તપોવન સર્કલ પાસેથી પસાર થઈ રહેલી નડીયાદ-અંબાજી રૂટની મુસાફરોથી ખીચોખીચ ભરેલી એસ.ટી. બસને સર્કલ પાસે એક ટ્રકે વચ્ચોવચ્ચ ટક્કર મારતા બસ પલ્ટી મારી ગઈ હતી જેમાં ૩૫ મુસાફરો ઘાયલ થયા હતાં અને એકનો હાથ ફ્રેક્ચર થઈ ગયો હતો. તે ઉપરાંત બીજી તરફ એસ.જી. હાઈવે પર ગાંધીનગરથી ચાંદખેડા જઈ રહેલી ડબલડેકર વિટકોસ બસના ચાલકને તારાપુર પાસે ચાલુ બસે હાર્ટએટેક આવતા બસ સાઈડમાં ઉતારી મુકી હતી અને બસ ઝાડ સાથે ટકરાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ડબલડેકર બસના ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. તે ઉપરાંત લોકાચાર કરીને પરત ફરતા પરિવારનો ટ્રક પલ્ટી મારતા ૧૦ જણા ઘાયલ થયા છે. અડાલજ પોલીસે ત્રણેય ગુના દાખલ કરી તપાસ આરંભી છે. ઉપરોક્ત ત્રણેય ઘટનામાં ૪૫ મુસાફરો ઘાયલ અને એક ડ્રાઈવરનું મૃત્યુ થવા પામ્યું છે.

ગાંધીનગર પાસેના ત્રણ વિવિધ વિસ્તારોમાં આજે સવારના સુમારે બે ગંભીર માર્ગ અકસ્માતો સર્જાવા પામ્યા હતા. બન્ને અકસ્માતોમાં મુસાફરો ભરેલી બસ પલ્ટી મારી ગઈ હતી. જે બનાવને પગલે મુસાફરોની ચીચીયારીઓથી માર્ગો ગુંજી ઉઠ્યા હતા. અને ત્રીજો ગંભીર અકસ્માત ઉવારસદ રોડ પર સાંજે બનવા પામ્યો હતો.

આજે સવારે આદેક વાગ્યાના અરસામાં મુસાફરોથી ખિચોખિચ ભરેલી નડીયાદ અંબાજી રૂટની એસ.ટી. બસ ગાંધીનગર નજીકનાં તપોવન સર્કલ પાસે પહોંચી ત્યારે સર્કલેથી બેફામ ગતિએ આવી રહેલી ટ્રક નં. આર.જે.-૧૯-જીએ-૧૭૮૭ના ચાલકે બસની વચ્ચોવચ્ચ ધડાકાભેર ટક્કર મારતાં મુસાફરો ભરેલી આખી બસ પલ્ટી મારી ગઈ હતી. જેમાં ૩૫ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા કેટલાકને ખાનગી હોસ્પિટલમાં તો કેટલાકને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. એક મુસાફરનો આ અકસ્માતને કારણે હાથ પણ ફ્રેક્ચર થઈ ગયો હતો. આ ઘટના અંગે ઈજાગ્રસ્ત મુસાફર મહેશભાઈ અમૃતલાલ ચાવડાની ફરીયાદને આધારે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી અડાલજ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

બીજી તરફ સવારના જ સુમારે ગાંધીનગર સરખેજ હાઈવે પર તારાપુર સર્કલ પાસે ડબલડેકર વિટકોસ બસ પલ્ટી મારીને ઝાડ સાથે ટકરાઈ ગયાની ઘટના બનવા પામી હતી. જો કે સદ્‌ભાગ્યે આ બસમાં સાતેક મુસાફરો જ સવાર હોવાથી મોટી દુર્ઘટના થતા અટકી હતી પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

કેબીનના પતરા કાપી ટ્રક ચાલકને બહાર કઢાયો

ગાંધીનગર નજીક તપોવન સર્કલ પાસે આજે વહેલી સવારે બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માત સર્જાતા મુસાફરોથી ભરેલી ટ્રક પલટી ખાઈ ગઈ હતી જ્યારે ટ્રકનું આખે-આખુ કેબીન આગળથી દબાઈ ગયુ હતું અને ટ્રક ચાલક તેમા ફસાઈ ગયો હતો જેને બચાવવા માટે અમદાવાદની ચાર ફાયર ફાયરોની ટીમે ઘટનાસ્થળે પહોંચી મોટા કાતરાવડે કેબીનના પતરા કાપી મહામુશીબતે ટ્રકચાલકને જીવતો બહાર નિકાળ્યો હતો.

આ સરકાર પ્રજાની નહિ ઉદ્યોગપતિઓની છે

બીજા રાજ્યો તો ઠીક ગુજરાતમાં આફ્રિકા કરતાં વધારે ભૂખમરો છે, ખાનગી ઉદ્યોગો પાસેથી મોંઘી વીજળી ખરીદીને સરપ્લસ બતાવાય છે : શંકરસિંહ

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં કૌભાંડ અને ગેસમાં જીઓ ગ્લોબલ કંપનીને ભાગીદાર બનાવવામાં કરપ્શન કર્યું હોવાનો આરોપ મૂકી વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ સરકારી વિભાગોમાં થયેલી બેદરકારીઓ, ગેરરીતિઓ ઉપર પ્રહારો કરી ગુડ ગવર્નન્સની બાબતોને ભ્રામક ગણાવી વ્યક્તિઓને મદદ કરતી નથી પરંતુ ઉદ્યોગપતિઓને ફાયદો કરી આપવાનું જ કામ કરી રહી છે.

બજેટ ઉપરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતા વિપક્ષી નેતાએ કહ્યું હતું કે વેરાની આવક વધી છે પણ સામાન્ય વ્યક્તિને કોઈ ફાયદો નથી. સરકારનું જાહેરદેવું પણ વધી રહ્યું છે. પ્રતિ વર્ષ બજેટમાં પુરાંત અને વર્ષના અંતે ખાદ્ય દર્શાવી રાજ્ય સરકારે નવું અર્થશાસ્ત્ર શરૂ કર્યું છે.

ગુજરાત સમગ્ર દેશમાં ક્યા ક્ષેત્રમાં પાછળ છે તેના આંકડા સરકારના જ બજેટ ડોક્યુમેન્ટમાં આપવામાં આવ્યા છે. અગાઉના વર્ષોની તુલના કરીએ તો ગુજરાત શિક્ષણમાં પાછળ છે. કૃષિ ઉત્પાદન અને એગ્રીકલ્ચર ગ્રોથમાં બીજા રાજ્યો ઘણાં આગળ છે. વીજળી સરપ્લસ હોવાની વાતો કરે છે પણ ખાનગી ઉદ્યોગોની વીજળી મોંઘાભાવે ખરીદે છે.

ગુજરાત કેન્દ્રની સહાયના કારણે ઉજળું છે તેવો દાવો કરી શંકરસિંહ વાઘેલાએ કહ્યું કે ગુજરાતમાં નોંધાયેલા બેકારોની સંખ્યા ૯ લાખ છે પરંતુ નહીં નોંધાયેલાની ગણતરી કરવામાં આવે તો આ આંકડો ૨૦ લાખ થવા જાય છે. સરકારે ઉદ્યોગોના ભોગે કૃષિમાં વીજળી ઘટાડી દીધી છે. ખેડૂતોને પુરતી વીજળી અને પાણી મળતું નથી પણ તાતાની નેનો કારના પ્રોજેક્ટ માટે સાવ સસ્તા ભાવે ૧.૪૦ લાખ લીટર પાણી આપી દેવામાં આવ્યું છે.

સરકારે કહ્યું હતું કે તમારા ઘરમાં પાણીનો નળ ખોલશો તો પેટ્રોલ અને ઓઈલ નિકળશે, પરંતુ આ નળમાંથી લોકોને પીવાનું પાણી પણ મળતું નથી. કે.જી.બેસિનથી ગુજરાત ગેસ ગેસ થઈ જશે પણ ક્યાં છે ગેસ તેવો પ્રશ્ન કરી વિપક્ષી નેતાએ કહ્યું હતું કે ગેસના વાયદા કરી જીએસપીસીએ ૧૫ હજાર કરોડનું આંધણ કરી દીધું છે.

● અનુસંધાન પાન-૭ પર

મેટ્રો રેલ પ્રોજેકટના માત્ર બોર્ડ લગાવ્યા છે : વાઘેલા

સોલાર સીટી માટે નાણાંકીય આયોજનનો અભાવ; સરકારના ગાંધીનગરના બે મહત્વાકાંક્ષી પ્રોજેકટને લઈ ગૃહમાં વિપક્ષી નેતાના પ્રહારો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો રેલ પ્રોજેકટને લઈ રાજય સરકારને આજે વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ આડે હાથ લીધી હતી એટલું જ નહિ સોલાર સીટી ગાંધીનગરને બનાવવા માટેના નકકર આયોજન અને અમલીકરણનો અભાવ હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો.

વિધાનસભા ગૃહમાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો આજથી આરંભ કરતાં વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ સરકારના અણઘડ વહીવટને લઈ તીવ્ર આલોચનાઓ કરી હતી અને સુશાસન પુરું પાડવામાં સરકાર નિષ્ફળ નિવડી હોવાનું જણાવ્યું હતું.

તેમણે ખાદ્યની સ્થિતિ અને વધતા જતા દેવા અંગે પણ ચિંતા વ્યકત કરી હતી એટલું જ નહિ પરંતુ સરકારની નીતિઓ સામે પણ આકરા વેણ ઉચ્ચાર્યા હતા.

ગાંધીનગર-અમદાવાદને જોડતી મેટ્રો લીંક રેલ લાઈનનો ઉલ્લેખ કરી શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે મેટ્રો રેલના જાણીતા ઈજનેર શ્રીધર હમણાં ગુજરાત આવ્યા હતા એમણે હતી. તેમણે એવું કહ્યું હતું કે આ સરકાર ખેડૂતો અને સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર

રૂપાલમાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામમાંથી વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ મળી આવતાં જિલ્લા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. રૂપાલ ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. જો કે કોઈ શંકાસ્પદ નવો દર્દી મળ્યો નહિ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે રૂપાલની મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દરમ્યાન સ્વાઈન ફ્લુમાંથી સંપૂર્ણ સાજા થયેલા વધુ બે દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સિઝનમાં સ્વાઈન ફ્લુના નવ દર્દી નોંધાયા છે. જે પૈકી ચાર દર્દીને રજા અપાઈ છે. જ્યારે બે ના મોત થયા છે અને ૩ દર્દી હજુ સારવાર હેઠળ છે.

સ્વર્ણિમ પાર્કમાં આરસ અને બ્રોન્ઝના ૧૪ સ્ટેચ્યુ મુકાશે

સૂર્ય નમસ્કાર અને યોગાના થીમ આધારિત સ્ટેચ્યુ મુકવા ત્રણ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા.૪

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કમાં વિવિધ થીમ આધારિત સ્ટેચ્યુઝ મુકવામાં આવશે. સૂર્ય નમસ્કાર અને યોગાની પ્રતિકૃતિ દર્શાવતા આરસ અને બ્રોન્ઝના ૧૪ જેટલા સ્ટેચ્યુ મૂકવામાં આવશે. જેની પાછળ રૂ. ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ઉચ્ચકક્ષાએ સ્ટેચ્યુના થીમ અને ડીઝાઈન આખરી થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેશની રાજધાની દિલ્હી તેમજ વિદેશી દેશોના રાજપથની પેટર્ન મુજબ રાજયના પાટનગરમાં સેન્ટ્રલ વિસ્ટા ઉર્ફે સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. ખ-૪ થી ઘ-૪ વચ્ચે સ્વર્ણિમ પાર્કના આયોજનને લઈ પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. જેમાં રસ્તા, ફૂટપાથ, લાઈટીંગ અને વોકવે સહીતના કામો પૂર્ણ કરાયા છે. જ્યારે મહાત્મા મંદિરથી આગળના વિસ્તારમાં ગાર્ડન, ફૂડકોર્ટ બનાવવાનું કામ પણ પૂર્ણતાના આરે છે. સ્વર્ણિમ પાર્કની રોનક નિખારવા લેન્ડ સ્કેપીંગની કામગીરી અન્વયે હરિયાળી લોન વચ્ચે ચિલ્ડ્રન પ્લાઝા, ભૂલભૂલૈયા, ફાઈન્ટેઈન્સ સહિત આકર્ષક વોટરબોડીનો પણ સમાવેશ કરવામાં આવનાર છે. બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષીને પણ અંદાજિત રૂ. ૨૮ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી છે. જે અન્વયે લેન્ડ સ્કેપીંગનું કામ પ્રગતિ હેઠળ છે. વધુમાં સ્વર્ણિમ પાકમાં હરિયાળી લોન વચ્ચે અવનવા વૃક્ષો ઉછેરવા પણ પ્લાન્ટેશન કરાયું છે. સહેલાણીઓ માટે વિવિધ ઠેકાણે વિશિષ્ટ પ્રકારના સીટીંગ અમ્બ્રેલા મુકવામાં આવ્યા છે. જયારે પાર્કનું આકર્ષણ વધારવા હવે વિવિધ પ્રકારના

● અનુસંધાન પાન-૭ પર

1800+ 'તલાટીની ભરતી' જગ્યાઓ!
ટૂંક સમયમાં
ધો.12 પાસ અને વધુ લાયકાત માટે
'ગુજરાત સરકાર' માં નોકરી!
સંપૂર્ણ ફોર્મની તૈયારી એકજ સ્થળે!
13000+ (વર્ગ-3) (ક્લાર્ક/કોન્સ્ટેબલ...)ની જગ્યાઓ પણ ટૂંક સમયમાં
જાહેરાત પ્રસિદ્ધ થાય તે પહેલાં ઓછી ફી માંયે વધુ શિક્ષણ પ્રાપ્ત કરો!
માસ્ટર કોર્ષ-2013
90% વધુ પ્રશ્નો પુછાવાની ખાતરી પૂર્વેનું શિક્ષણ
2013
સંપૂર્ણ સાહિત્ય મફત!
• અંગ્રેજી • ગુજરાતી • ગણિત • બુદ્ધિ કસોટીઓ
ફી માત્ર ₹14,000 (F) ₹16,000 (M)
છેલ્લા 10 વર્ષનાં પેપરોનું સોલ્યુશન
KNOWLEDGE VALLEY
TCCI EDUCATION PVT. LTD.
HELPLINE NUMBER : 9328714508
KNOWLEDGE VALLEY

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

જોઈએ છે
ડિલીવરી બોય
રૂબરૂ મળો
૭૦૨, શાલીન કોમ્પલેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર
મો. : ૯૮૨૫૦ ૨૬૯૩૦